પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૧૭૨ | ૨ સપ્ટેમ્બર, ૨૦૨૧, ગુરૂવાર; શ્રાવણ વદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# એલપીજી ગેસ સિલિન્ડરમાં ૨૫નો વધારો

**કોમર્શિયલ સિલિન્ડરમાં ૭૫નો વધારો કરાયો : અગાઉ ૧૭ ઓગસ્ટે એલપીજી સિલિન્ડરમાં ૨૫નો વધારો કરવામાં આવ્યો હતો, તે પહેલાં ૧ જુલાઈએ એલપીજીમાં ૨૫.૫૦નો વધારો કરવામાં આવ્યો હતો : પહેલી સપ્ટેમ્બરની શરૂઆત મોંઘવારીના માર સાથે થઈ**



નવી દિલ્હી,તા.૧

૧ સપ્ટેમ્બરની શરૂઆત મોંઘવારીની માર સાથે થઈ છે. ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ એલપીજી સિલિન્ડરના ભાવમાં વધારો કર્યો છે. ૧૪.૨ કિલો વાળા બિન સબસિડીવાળા એલપીજી સિલિન્ડરની કિંમતમાં ૨૫ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. એટલું જ નહીં, ૧૯ કિલોના કોમર્શિયલ સિલિન્ડરની કિંમતમાં પણ વધારો થયો છે, તેની કિંમતમાં પ્રતિ સિલિન્ડર ૭૫ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. આ વધારા બાદ દિલ્હીમાં ૧૪.૨ કિલો એલપીજી સિલિન્ડર હવે ૮૮૪.૫ રૂપિયા થઈ ગયું છે. જ્યારે આ પહેલા તેને ૮૫૯.૫૦ રૂપિયા મળતા હતા. અગાઉ ૧૭ ઓગસ્ટે એલપીજી સિલિન્ડરની કિંમતમાં ૨૫ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો હતો. અને તે પહેલા ૧ જુલાઈએ એલપીજી સિલિન્ડરની કિંમતમાં ૨૫.૫૦ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો હતો. મુંબઈમાં પણ ૧૪.૨ કિલો એલપીજી સિલિન્ડરનો દર હવે ૮૮૪.૫ રૂપિયા છે, જ્યારે અત્યાર સુધી તે ૮૫૯.૫૦ રૂપિયા

● અનુસંધાન પાન-૭ પર


## જીએસટી કલેક્શન ૧ લાખ કરોડને પાર : ૨૭ ટકાનો વધારો

**જીએસટી કલેક્સન અંગે સારા સમાચાર : ઓગસ્ટમાં ગ્રોસ જીએસટી રેવન્યુ ૧,૧૨,૦૨૦ કરોડ, જુલાઈ-૨૧ની સરખામણીમાં ઓગસ્ટમાં કલેક્શન ઘટ્યું**

નવી દિલ્હી, તા.૧

જીડીપીના આંકડામાં સુધારા બાદ હવે ગુડ્સ એન્ડ સર્વિસિસ ટેક્સ એટલે કે જીએસટી કલેક્શન અંગે સારા સામાચાર આવ્યા છે. જીએસટી રેવેન્યુ કલેક્શન એક વખત ફરી એક લાખ કરોડ રૂપિયાને પાર કરી ગયું છે. ઓગસ્ટ મહિનામાં ગ્રોસ જીએસટી રેવેન્યુ ૧,૧૨,૦૨૦ કરોડ રૂપિયા રહ્યું. એક વર્ષ અગાઉના સમાન સમયગાળાની સરખામણીએ જીએસટીની આવકમાં ૨૭ ટકાનો વધારો થયો છે. જોકે, જુલાઈ ૨૦૨૧ની સરખામણીમાં ઓગસ્ટમાં જીએસટી કલેક્શન ઘટ્યું છે. જુલાઈ, ૨૦૨૧માં ૧,૧૬,૩૯૩ કરોડ રૂપિયાનું ગ્રોસ જીએસટી રેવેન્યુ કલેક્શન હતું. આમાં સીજીએસટી ૨૨,૧૯૭ કરોડ રૂપિયા, એસજીએસટી ૨૮,૫૪૧ કરોડ રૂપિયા, આઈજીએસટી ૫૭,૮૬૪ કરોડ રૂપિયા અને સેસ ૭,૭૯૦ કરોડ રૂપિયા સામેલ છે.

જણાવી દઈએ કે, જીએસટી કલેક્શન સતત આઠ મહિના સુધી એક લાખ કરોડથી વધુ રહ્યાં બાદ જૂન ૨૦૨૧માં ઘટીને ૧ લાખ કરોડ રૂપિયાની સપાટીની નીચે આવી ગયું હતું. જૂન ૨૦૨૧ દરમિયાન કલેક્શન ઘણી હદ સુધી મે ૨૦૨૧ સાથે સંબંધિત હતું. મે ૨૦૨૧ દરમિયાન મોટાભાગના રાજ્યો-કેન્દ્ર શાસિત પ્રદેશો કોરોનાની બીજી લહેરનો સામનો કરી રહ્યાં હતાં.




## ઓલ ટાઈમ હાઈ બતાવ્યા બાદ સેન્સેક્સ-નિફ્ટીએ બઢત ગુમાવી

**સેન્સેક્સમાં ૨૧૪ અને નિફ્ટીમાં ૫૬ પોઈન્ટનો કડાકો : એશિયન પેઈન્ટ સહિત કેટલાક શેરોમાં રેલી જોવા મળી : સેન્સેક્સ બુધવારે શરુઆતના કારોબારમાં વધીને ૫૭,૯૧૮.૭૧ના ઓલટાઈમ હાઈ પર પહોંચ્યી ગયો પરંતુ બજાર બંધ થતાં-થતાં તેણે રોનક ગુમાવી દીધી**

મુંબઈ, તા.૧

જીડીપીના મજબૂત આંકડા અને વિદેશી ફંડોની ઝડપી આવકના લીધે મુખ્ય શેર સુચકાંક સેન્સેક્સ બુધવારે શરુઆતના કારોબારમાં વધીને ૫૭,૯૧૮.૭૧ના ઓલટાઈમ હાઈ પર પહોંચ્યી ગયો પરંતુ બજાર બંધ થતાં-થતાં તેણે રોનક ગુમાવી દીધી. સેન્સેક્સ ૨૧૪.૧૮ પોઈન્ટ ગબડીને ૫૭,૩૩૮.૨૧ પોઈન્ટ પર બંધ થયો.

એજ સ્થિતિ નિફ્ટી ૫૦ની રહી. એનએસઈ નિફ્ટી પણ ૧૭૨૨૫ના તેના સર્વકાલિન ઉચ્ચ સ્તર પર પહોંચી ગયો પણ સાંજના કારોબાર બંધ થવા પર ૫૫.૯૫ પોઈન્ટ નીચે ૧૭,૦૭૬.૨૫ પોઈન્ટ પર બંધ થયો. સવારના કારોબાર દરમિયાન સેન્સેક્સમાં સૌથી વધુ ચાર ટકાનો વધારો એક્સિસ બેંકમાં થયો હતો. પછીથી આ રેલી પટકાઈને ૧.૫ ટકાની પાસે આવી ગઈ. એશિયન પેઈન્ટ્સ અને નેસ્લે ઈન્ડિયા સૌથી વધુ વધારા પર રહ્યા. આ ઉપરાંત એલએન્ડટી, બજાજ ઓટો અને ઈન્ડસઈન્ડ બેંક પણ વધારો નોંધાવનારા મુખ્ય શેરોમાં સામેલ હતા. બીજી બાજુ બજાજ ફિનસર્વમાં ગિરાવટ આવી હતી.

મંગળવારના સત્રમાં બીએસઈ સેન્સેક્સ ૬૬૨.૬૩ પોઈન્ટ અથવા ૧.૧૬ ટકા વધીને ૫૭,૫૫૨.૩૯ પર બંધ થયો હતો જ્યારે નિફ્ટી ૨૦૧.૧૫ પોઈન્ટ અથવા ૧.૧૯ ટકા વધીને ૧૭,૧૩૨.૨૦ પર પહોંચી ગયો હતો. વિદેશી સંસ્થાગત રોકાણકારોએ મંગળવારે સમગ્રતઃ આધારે ૩૮૮૧.૧૬ કરોડ રૂપિયાના શેર ખરીદ્યા. આ દરમિયાન આંતરરાષ્ટ્રીય ઓઈલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૦.૬૩ ટકા વધીને ૭૨.૦૮ ડોલર પ્રતિ બેરલ પર પહોંચી ગયું હતું.

## અફઘાન છોડવા સિવાય કોઈ વિકલ્પ નહોતો : જો બાઈડન

**યુએસનું મિશન સફળ રહ્યાનો રાષ્ટ્રપિનો દાવો : બાઈડને નિર્ણયની જવાબદારી લીધી પણ યુએસના લોકોનું કહેવું છે કે નિર્ણય આપણે પહેલાં લેવો જોઈતો હતો**

વોશિંગટન,તા.૧

અફઘાનિસ્તાનથી અમેરિકાની અશાંત વાપસી પર સતત ટીકાનો સામનો કરી રહેલા રાષ્ટ્રપ્રમુખ જો બાઈડને દેશને સંબોધિત કર્યું.



અમેરિકાનું છેલ્લું સી-૧૭ પ્લેન કાબુલથી પરત ફર્યાના ૨૪ કલાક બાદ, બાઈડને અમેરિકાના સૌથી લાંબા યુદ્ધને ખતમ કરવા અને ૩૧ ઓગસ્ટની સમય મર્યાદાથી પહેલા તમામ અમેરિકન સૈનિકોને પરત બોલાવી લેવાના નિર્ણયનો જોરદાર બચાવ કર્યો. ભારતીય સમય મુજબ, મંગળવાર મધ્યરાત્રિએ આપેલા પોતાના સંબોધનમાં અમેરિકાના રાષ્ટ્રપ્રમુખે કહ્યું કે, મારું માનવું છે કે, આ યોગ્ય, બુદ્ધિપૂર્વકનું અને સર્વોત્તમ નિર્ણય છે. અફઘાનિસ્તાનમાં યુદ્ધ હવે સમાપ્ત થઈ ગયું છે. યુદ્ધને ખતમ કરવાના મુદ્દાનો સામનો કરનારો ચોથો રાષ્ટ્રપ્રમુખ છું. મેં તેને ખતમ કરવા માટે અમેરિકોને વાયદો કર્યો અને પોતાના વાયદાનું સન્માન પણ કર્યું. વ્હાઈટ હાઉસના એક ભાષણમાં તેમણે કહ્યું કે, હું આ યુદ્ધને હંમેશા માટે આગળ નહોતો વધારવાનો. બાઈડને કહ્યું કે, હું આ નિર્ણયની જવાબદારી લઈ રહ્યો છું. લોકોનું કહેવું છે કે આ નિર્ણય આપણે પહેલા લેવો જોઈતો હતો. હું તેનાથી સહમત નથી કારણ કે જો આવું પહેલા થયું હોત તો ત્યાં અરાજક્તાનો માહોલ થઈ જાત અને ગૃહયુદ્ધની સ્થિતિ ઊભી થઈ જતી. એવામાં કોઈ પડકાર કે ખતરા વગર ત્યાંથી નીકળી ન શકાયું હોત. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખે કહ્યું કે, અફઘાનિસ્તાન મામલે આ નિર્ણય માત્ર અફઘાનિસ્તાન સુધી સીમિત નથી. તે અન્ય દેશો પુનર્નિર્માણ માટે સૈન્ય અભિયાનોના એક યુગને પણ ખતમ કરવા જેવો છે. બાઈડને જણાવ્યું કે, અમેરિકાએ અફઘાનિસ્તાનમાં જે કર્યું, તેને ભૂલાવી નહીં શકાય. અમેરિકન પ્લેનોથી લોકોને એરલિફ્ટ કરવાની પ્રશંસા કરતા બાઈડને કહ્યું કે, લોકોને પ્રોફેશનલ રીતે બહાર કાઢવામાં આવ્યા અને આપણે જે કર્યું તેને ભૂલાવી નહીં શકાય.

## પંજશીરના શુતૂલ પર તાલિબાનનો કબજો

**પંજશીર સર કરવા પહોંચેલા ૩૫૦ તાલિબાનનો સફાયો, ૪૦ ઝડપાયા : અફઘાનિસ્તાનમાં તાલિબાનોની નોર્ધર્ન એલાયન્સના ફાયટર્સ સાથે અથડામણ, એનઆરએફને આ દરમિયાન અનેક અમેરિકી વાહનો અને હથિયારો મળ્યાં**

કાબુલ, તા.૦૧

કાબુલ એરપોર્ટ પર થયેલા હુમલા અંગે શોક વ્યક્ત કરતાં તેમણે કહ્યું હતું કે આ દુઃખની ઘડીમાં બ્રિટન તેના ગઠબંધન ભાગીદારો સાથે છે. અમે આ આતંકવાદી સંગઠનને સમાપ્ત કરવા માટે શક્ય તમામ પ્રયાસો કરીશું. સરકારના અધિકારીઓએ એરસ્ટ્રાઈક માટે લોજિસ્ટિક્સની તપાસ કરી છે. તેમણે રોયલ એરફોર્સ ફાઈટર એરક્રાફ્ટનાં લક્ષ્યો, રિફ્યુલિંગ અને બેઝ શરતોનું નિરીક્ષણ કર્યું છે. વિગ્સ્ટને કહ્યું હતું કે અમે સેના મોકલીને અથવા કોઈપણ દેશનાં સાધનોનો ઉપયોગ કરીને આતંકવાદી સંગઠન પર હુમલો કરી શકીએ છીએ. અમેરિકી સેનાએ કાબુલ એરપોર્ટ પર રાખવામાં આવેલાં ૭૩ એરક્રાફ્ટ્સનો નાશ કર્યો અમેરિકી સેનાએ સોમવારે રાત્રે અફઘાનિસ્તાન છોડી દીધું હતું. તેમના અમેરિકા પરત ફર્યા પછી જ તાલિબાને કાબુલ એરપોર્ટ પર કબજો કરી લીધો છે, પરંતુ અહીં જેટલાં પણ વિમાનો રહેલાં છે એનો ઉપયોગ તાલિબાન ક્યારેય પણ કરી શકશે નહીં, કારણ કે અમેરિકી સેના આને ડિસલોકેટ કરીને જતી રહી છે. પંજશીરમાં તાલિબાન અને નોર્ધર્ન અલાયન્સ વચ્ચે મંગળવારે રાત્રે ફરીથી જંગ શરૂ થઈ ગયો છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે, તાલિબાને ગોલબહારથી પંજશીરને જોડતા પુલને ઉડાવી દીધો છે. આ પ્રમાણેની સ્થિતિનું નિર્માણ થતાં પંજશીરને પરવાન પ્રાંતથી જોડતા માર્ગને બંધ કરી દેવામાં આવ્યો છે. તાલિબાને જાહેર માર્ગોને કન્ટેનરોથી બંધ કરી દીધા છે અને શુતૂલ પર કબજો કરી લીધો છે. નોર્ધન અલાયન્સે દાવો કર્યો છે કે આ લડાઈમાં અત્યારસુધી ૩૫૦ તાલિબાનીઓ માર્યા ગયા છે અને મોટા પ્રમાણમાં હથિયારો



અને અમેરિકી ગાડીઓ પર કબજો કરી લીધો છે.

જોકે હજુ સુધી નોર્ધન અલાયન્સના દાવાની પુષ્ટી થઈ શકી નથી. પરંતુ તાલિબાન સાથે જોડાયેલા સોશિયલ મીડિયા અકાઉન્ટ દ્વારા પંજશીરમાં લડત આપી રહેલા મુઝાહિદીન માટે પ્રાર્થના કરવાના સંદેશાઓ વાઈરલ થઈ રહ્યા છે. આવી પોસ્ટના કારણે તાલિબાનની સ્થિતિ નબળી પડી હોવાના સંકેતો મળી રહ્યા છે.

## દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૪૧૯૬૫ કોરોનાના કેસ

**દેશમાં એક જ દિવસમાં ૧ કરોડ 33 લાખ લોકોને કોરોનાની વેક્સિન અપાઈ, 33,૯૬૪ દર્દી સાજા થયા**

નવી દિલ્હી,તા.૧

દેશમાં એક દિવસના રાહત બાદ ફરી સંક્રમણના કેસમાં ૧૧ હજારનો ઉછાળો જોવા મળ્યો છે. ૨૪ કલાકમાં ૪૧ હજારથી વધુ કેસ નોંધાયા છે, જે પૈકી ૩૦ હજાર કેસ માત્ર કેરળમાં નોંધાયા છે. આ ઉપરાંત મહારાષ્ટ્રમાં ૪ હજારથી વધુ લોકો સંક્રમિત થયા છે. બજારોમાં જે રીતે ભીડ જોવા મળી રહી છે, તેને ધ્યાને લઈ વિશેષજ્ઞોએ ત્રીજી લહેરની ચેતવણી આપી છે. બીજી તરફ, કોવિડ વેક્સીનેશન અભિયાન વેગવંતુ બન્યું છે. છેલ્લા ૨૪ કલાકમાં ૧ કરોડ ૩૩ લાખથી વધુ લોકોનું રસીકરણ કરવામાં આવ્યું છે. ગુજરાતમાં પણ ૮ લાખથી વધુ લોકોને વેક્સીનનો ડોઝ આપવામાં આવ્યો હતો. રાજ્યમાં કોરોનાની સ્થિતિ ઘણે અંશે કાબૂમાં છે. બુધવાર સવારે સ્વાસ્થ્ય મંત્રાલયે જાહેર કરેલા આંકડાઓ મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૪૧,૯૬૫ નવા પોઝિટિવ કેસો નોંધાયા છે. આ ઉપરાંત કોવિડ-૧૯ના કારણે ૪૬૦ દર્દીઓએ પોતાના જીવ ગુમાવ્યા છે. દેશમાં હવે કુલ સંક્રમિતોની સંખ્યા વધીને ૩,૨૮,૧૦,૮૪૫ થઈ ગઈ છે. બીજી તરફ, દેશમાં કુલ ૬૫,૪૧,૧૩,૫૦૮ લોકોને કોરોના વેક્સીનના ડોઝ આપવામાં આવ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૧,૩૩,૧૮,૭૧૮ કોરોના વેક્સીનના ડોઝ આપવામાં આવ્યા છે.

## કતારમાં ભારતીય રાજદૂત-તાલિબાની નેતાની મુલાકાત

**તાલિબાન નેતા દ્વારા અનુરોધ બાદ ભારતનું પગલું : અફઘાનિસ્તાનમાં ફસાયેલા ભારતના નાગરિકોની સુરક્ષા અને તેમના જલ્દી ભારત પાછા ફરવા અંગે ચર્ચા થઈ**

કતાર, તા.૧

કતારમાં ભારત અને




તાલિબાન વચ્ચે પહેલી વખત ઔપચારિક બેઠક યોજાઈ છે. વિદેશ મંત્રાલયના કહેવા પ્રમાણે કતારમાં ભારતીય રાજદૂત દીપક મિત્તલે તાલિબાન નેતા શેર મહોમ્મદ અબ્બાસ સ્ટાનેકજાઈ સાથે મુલાકાત કરી હતી. આ મુલાકાત મંગળવારે રાત્રે યોજાઈ હતી. મુલાકાત માટે તાલિબાન નેતા દ્વારા જ અનુરોધ કરવામાં આવ્યો હતો.

સ્ટાનેકજાઈ હાલમાં કતારમાં તાલિબાનના પ્રતિનિધિ તરીકે કામગીરી સંભાળે છે.

વિદેશ મંત્રાલય તરફથી જાહેર કરાયેલી પ્રેસ રિલિઝમાં કહેવામાં આવ્યુ છે કે, તાલિબાન નેતા અને ભારતીય રાજદૂત વચ્ચે અફઘાનિસ્તાનમાં હાલમાં ફસાયેલા ભારતના નાગરિકોની સુરક્ષા અને તેમના જલ્દી ભારત પાછા ફરવા અંગે ચર્ચા થઈ હતી.

● અનુસંધાન પાન-૭ પર

**પ્રથમ વાર્ષિક પુણ્યતિથીએ શ્રધ્ધાંજલિ**



ચંદન જેવું જીવન જીવીને આપ,
સૌને શીતળતા આપી ગયા
ખુમારીથી જીવીને,
આપ સૌને જીંદગી જીવતા શીખવાડી ગયા
આપની કૌટુંબિક ભાવના અને
પરોપકારવૃતિની સુવાસ સદા મહેક્તી રહેશે
આપ સૌના હૃદયમાં જીવંત રહેશો.
પ્રભુ આપના દિવ્ય આત્માને
ચીર શાંતિ આપે એજ પ્રાર્થના....

સમગ્ર મહિડા પરિવાર અને
સ્નેહી-મિત્ર પરિવાર

**સ્વ. કરણસિંહજી દોલતસિંહજી મહીડા**
(નિવૃત અધિક સચિવ)
જન્મ તા.૩૧-૦૮-૧૯૪૮ સ્વર્ગવાસ તા.૦૨-૦૯-૨૦૨૦

અનુબા કરણસિંહ મહીડા | દિલીપસિંહ દોલતસિંહ મહીડા
ધવલસિંહ કરણસિંહ મહીડા | યશવંતસિંહ દોલતસિંહ મહીડા
કૈલાશીબા ધવલસિંહ મહીડા | તપનસિંહ દિલીપસિંહ મહીડા
ગાયત્રીબા અજયરાજ નકુમ | અજયરાજ મહેન્દ્રસિંહ નકુમ